# ટોરેન્ટ પાવર લીમીટેડ
## ગુજરાત વીજનીયમન પંચ સમક્ષ

છઠો માળ, ગીફ્ટ વન, રોડ ૫ સી, ઝોન ૫, ગીફ્ટ સીટી, ગાંધીનગર-૩૮૨ ૩૫૫

## જાહેર નોટીસ

૧. ટોરેન્ટ પાવર લિમિટેડ (હવે પછી તેનો ઉલ્લેખ 'ટીપીએલ-ડી' તરીકે કરાયો છે.) દ્વારા કેસ નંબર ૧૮૪૬/૨૦૧૯ હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ના ટ્રુઇંગ અપ અને નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે દહેજ સપ્લાય વિસ્તાર માટેના વીજ દર નિર્ધારણ માટેની અરજી દાખલ કરી છે.

૨. જીઇઆરસી (એમવાયટી) રેગ્યુલેશન, ૨૦૧૬ અનુસાર નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટે ટ્રુઇંગ અપ વાસ્તવિક આંકડાઓ મુજબ સુચીત કરવામાં આવેલ છે. દહેજ સપ્લાય વિસ્તાર માટે નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ની મહેસુલી ખાધ/(પુરાંત)ની ગણતરી જીઇઆરસી (એમવાયટી) રેગ્યુલેશન, ૨૦૧૬ અનુસાર નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે મંજુર કરેલ એઆરઆર અને હાલના વીજદરે મંજુર કરેલ વીજ વેચાણના આધારે અંદાજવામાં આવેલ આવક અનુસાર કરવામાં આવી છે.

૩. ટીપીએલ-ડીએ સંચિત ખાધના અમુક હિસ્સાની વસુલાત નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧નાં વીજદરમાં સુધારા દ્વારા કરવાનો પ્રસ્તાવ કરેલ છે. વીજદરના વધારાને માર્યાદિત કરવા તથા નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧નાં ટેરિફ નિર્ધારણ માટેની સંચિત ખાધ પાછલા વર્ષોની બાકી વસૂલાતને કારણે પણ હોવાથી, ટીપીએલ-ડીએ ૧લી એપ્રિલ ૨૦૨૦ થી રૂા. ૦.૩૦ પ્રતિ યુનીટના દરે રેગ્યુલેટરી ચાર્જ દ્વારા બાકીની સંચિત ખાધની વસૂલાત કરવાનો પ્રસ્તાવ કરેલ છે.

૪. ટીપીએલ-ડીએ રેગ્યુલેટરી ચાર્જ સહિતના સુધારેલા વીજદરનો અમલ તા. ૧ એપ્રિલ, ૨૦૨૦ થી કરવા પ્રસ્તાવિત કરેલ છે. નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટેના વીજદર માળખાના સુચીત ફેરફારનો સારાંશ અહીં નીચે દર્શાવેલ છે.

**ટીપીએલ દહેજ એસઈઝેડના વિસ્તાર માટેના સુચીત દરો**

| ક્રમ | કેટેગરી | ફિક્સડ ચાર્જ |
|---|---|---|
| ૧ | **આરજીપી**<br>(રહેણાંકનાં કનેકશન માટે<br>• સિંગલ ફેઝ સપ્લાયઃ ૬ કિલોવોટ સુધીના કુલ વિજભાર માટે<br>• થ્રી ફેઝ સપ્લાયઃ ૬ કિલોવોટથી વધુના કુલ વિજભાર માટે) | **રૂા. ૧૦ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ** |
| ૨ | **નોન-આરજીપી**<br>(અલગ કેટેગરીમાં આવરી લેવાયેલ ન હોય અને ૧૫ કિલોવોટ કે તેથી ઓછા વિજભાર હોય તેવા કનેકશન માટે) | **૧૫ કિલોવોટ સુધીના કનેકટેડ લોડ માટે**<br>રૂા. ૬૦ પ્રતિ કિલોવોટ પ્રતિમાસ<br>**સીઝનલ ગ્રાહકો માટે લઘુત્તમ બીલ પ્રતિ ઈન્સ્ટોલેશન**<br>સીઝનલ ગ્રાહકો દ્વારા 'ફિક્સ અને એનર્જી ચાર્જીસ' હેઠળ ચુકવવા પાત્ર લઘુત્તમ રકમ કોન્ટ્રક્ટેડ લોડ ના પ્રતિ કિલોવોટ પર રૂા. ૨૧૬૦ પ્રતિ વર્ષ પ્રતિ કિલોવોટ છે. |
| ૩. | **એલટીએમડી**<br>(અલગ કેટેગરીમાં આવરી લેવાયેલ ન હોય અને ૧૫ કિલોવોટથી વધુના અને ૧૦૦ કિલોવોટ સુધીના વિજભારના હોય તેવા કનેકશન માટે. નોન-આરજીપી કેટેગરીમાં આવરી લેવાયેલ ગ્રાહકો જે નોન-આરજીપી કેટેગરીના વિજદર સિવાય પસંદ કરવા માંગતા હોય) | **કોન્ટ્રાકટ ડિમાન્ટ સુધીની બિલંગ ડિમાન્ડ પ્રથમ ૪૦ કિલોવોટ**<br>રૂા. ૧૨૦ પ્રિત કિલોવોટ પ્રતિ માસ<br>**પછીના ૨૦ કિલોવોટ**<br>રૂા. ૧૬૦ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ<br>**૬૦ કિલોવોટથી વધુ**<br>રૂા. ૨૨૫ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ<br>**કોન્ટ્રાકટ ડિમાન્ટ કરતાં વધુ બિલિંગ ડિમાન્ડ**<br>રૂા. ૩૦૦ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ<br>**એલટીએમડી સપ્લાય લેતા સીઝનલ ગ્રાહકો**<br>સીઝનલ ગ્રાહકો દ્વારા 'ફિક્સ અને એનર્જી ચાર્જીસ' હેઠળ ચુકવવા પાત્ર લઘુત્તમ રકમ કોન્ટ્રેકડ લોડના પ્રતિ કિલોવોટ પર રૂા. ૩૩૦૦ પ્રતિ વર્ષ પ્રતિ કિલોવોટ છે. |
| ૪ | **એચટીપી-૧**<br>(અલગ એચટી કેટેગરીમાં આવરી લેવાયેલ ન હોય અને ૧૦૦ કેવીએ અને તેથી વધુના વિજભારના હોય તેવા કનેકશન માટે) | **કોન્ટ્રાકટ ડિમાન્ડ સુધીની બિલિંગ ડિમાન્ડ પ્રથમ ૫૦૦ કેવીએ**<br>રૂા. ૨૦૦ પ્રતિ કેવીએ પ્રતિ માસ<br>**પછીના ૫૦૦ કેવીએ**<br>રૂા. ૩૦૦ પ્રતિ કેવીએ પ્રતિ માસ<br>**એચટી સપ્લાય લેતા સીઝનલ ગ્રાહકો**<br>સીઝનલ ગ્રાહકો દ્વારા 'ફિક્સ અને એનર્જી ચાર્જીસ' હેઠળ ચૂકવવા પાત્ર લઘુત્તમ રકમ કોન્ટ્રેકડ લોડના પ્રતિ કેવીએ પર રૂા. ૫૧૬૦ પ્રતિ વર્ષ પ્રતિ કેવીએ છે. |
| ૫ | **એચટીપી-૨**<br>(વોટર વર્ક્સ અને સીવરેજ પમ્પિંગ સ્ટેશનો માટે ૧૦૦ કેવીએ અને તેથી વધુની કોન્ટ્રાક્ટ ડિમાન્ડ માટે) | **કોન્ટ્રાકટ ડિમાન્ડ સુધીની બિલિંગ ડિમાન્ડ પ્રથમ ૫૦૦ કેવીએ**<br>રૂા. ૧૭૫ પ્રતિ કેવીએ પ્રતિ માસ<br>**પછીના ૫૦૦ કેવીએ**<br>રૂા. ૨૭૫ પ્રતિ કેવીએ પ્રતિ માસ<br>**૧૦૦૦ કેવીએથી વધુ**<br>રૂા. ૩૨૫ પ્રતિ કેવીએ પ્રતિમાસ<br>**કોન્ટ્રાકટ ડિમાન્ડ કરતાં વધુ બિલિંગ ડિમાન્ડ**<br>રૂા. ૪૦૦ પ્રતિ કેવીએ પ્રતિ માસ |
| ૬ | **એચટીપી-૩**<br>(હંગામી વીજપૂરવઠા માટે ૧૦૦ કેવીએ અને તેથી વધુની કોન્ટ્રાક્ટ ડિમાન્ટ. જે ગ્રાહકો નિયમિત પણે ઉચિત કરારનામા હેઠળ વિજપૂરવઠો નહિ લેતા હોય તેમને હંગામી વીજપૂરવઠા હેઠળ ગણવામાં આવશે.) | **કોન્ટ્રાકટ ડિમાન્ડ સુધીની બિલંગ ડિમાન્ડ**<br>રૂા. ૨૫ પ્રતિ કેવીએ પ્રતિ દિન<br>**કોન્ટ્રાકટ ડિમાન્ટ કરતાં વધુ બિલિંગ ડિમાન્ડ**<br>રૂા. ૩૦ પ્રતિ કેવીએ પ્રતિ માસ |

અ. **એનર્જી ચાર્જ :** ટીપીએલ-ડીએ દરેક કેટેગરીના એનર્જી ચાર્જમાં રૂા. ૦.૫૦ પ્રતિ યુનિટનો વધારો સૂચવેલ છે.

બ. **એચટીપી-૧, એચટીપી-૨ અને એચટીપી-૩ કેટેગરીને લાગ પડતા ટીઓયુ ચાર્જીસ :** ટીપીએલ-ડીએ ટીઓયુ ચાર્જમાં રૂા. ૦.૧૦ પ્રતિ યુનિટનો વધારો સૂચવેલ છે.

ક. **રેગ્યુલેટયરી ચાર્જ :** ટીપીએલ-ડીએ રૂા. ૦.૩૦ પ્રતિ યુનીટના દરે રેગ્યુલેટરી ચાર્જ પ્રસ્તાવિત કરેલ છે.

ડ. **ઓપન એક્સેસ ચાર્જીસ :** ટીપીએલએ ઓપન એક્સેસ ગ્રાહકોને લાગુ પડતા વ્હીલિંગ ચાર્જીસ અને ક્રોસ સબસીડી સરચાર્જ નિર્ધારણ કરવા પ્રસ્તાવિત કરેલ છે.

**અરજીની નકલ પ્રાપ્ત કરવા માટેની જોગવાઈ:**

૭. નિરીક્ષણ માટે અરજીની નકલો ટોરેન્ટ પાવર લીમીટેડ, પ્લોટ નં. ઝેડ-૨૧, ૩૩ કેવી ટીપીએલ સબસ્ટેશન, દહેજ એસઈઝેડ, તા-વાગરા, જી-ભરૂચની ઓફિસ ખાતે ઉપલબ્ધ છે. વધુમાં, અરજીની નકલ રૂા. ૧૨૦/- રોકડેથી અથવા તો ટોરેન્ટ પાવર લિમિટેડની તરફેણના અને સુરત ખાતે ચૂકવી શકાય તેવા ડિમાન્ડ ડ્રાફ્ટ/પે ઓર્ડર દ્વારા ઉપરોક્ત સરનામેથી ખરીદી શકાશે. અરજીની નકલ ટપાલથી પ્રાપ્ત કરવા માટે, ટપાલ ખર્ચના રૂા. ૫૦/- (રૂપિયા પચાસ) વધુ ચુકવવાના રહેશે.

૮. ઉપરોક્ત અરજીની ઈલેક્ટ્રોનીક નકલ વેબસાઈટ www.torrentpower.com ના રેગ્યુલેટરી સેકશન પરથી પણ મળી શકશે.

**પ્રતિભાવ રજુ કરવા માટેની માર્ગદર્શિકાઃ**

૯. જીઇઆરસીના નિયમો અનુસાર, આથી જાહેર સૂચના આપવામાં આવે છે કે ઉપરોક્ત અરજી સામે જે કોઈપણ વ્યક્તિને પોતાના વાંધા / સૂચનો રજુ કરવામાં રસ હોય તેઓએ પોતે જેનો આધાર લેતા હોય તે દસ્તાવેજો સાથેની પોતાની અરજી, પાંચ સેટમાં, તેમજ તેના ટેકામાં આવશ્યક એફિડેવિટ સાથે, સેક્રેટરી, ગુજરાત વિજનિયમન પંચ, છઠો માળ, ગીફ્ટ વન, રોડ ૫-સી, ઝોન-૫, ગીફ્ટ સીટી, ગાંધીનગર - ૩૮૨ ૩૫૫ નો તા. ૧૫મી જાન્યુઆરી. ૨૦૨૦ ના રોજ કે તે પહેલા મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે અને તેની એક નકલ નીચે સહી કરનારને પણ મોકલવાની રહેશે.

**ટોરેન્ટ પાવર લીમીટેડ**
"સમન્વય", ૬૦૦, તપોવન, આંબાવાડી, અમદાવાદ ૩૮૦ ૦૧૫
CIN : L31200GJ2004PLC044068
તા. ૧૩મી ડિસેમ્બર, ૨૦૧૯

**ટોરેન્ટ પાવર લીમીટેડ**
સહી/-
**વાઇસ પ્રેસીડન્ટ**